# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદમાં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનનો આરંભ કરાવશે.**
2. **બેંગકોકથી આવેલી યુવતી ચાર કરોડના નશીલા પદાર્થ સાથે અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાઇ.**
3. **જાફરાબાદના દરિયામાં ડૂબેલા માછીમારો ના પરિજનોને તાત્કાલિક સહાય ચૂકવવા તંત્રને સરકારની સૂચના.**
4. **આજે ઋષિપંચમીના પાવન પર્વે ઉપર ધ્વજારોહણ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે વિશ્વ પ્રસિધ્ધ તરણેતર મેળાનું સમાપન થશે.**
5. **અમદાવાદમાં આયોજિત રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડી અજિત નારાયણે સુવર્ણ ચંદ્રક જીત્યો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM VGRC INAGURATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદમાં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનનો આરંભ કરાવશે. અમદાવાદના  શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનારા આ સંમેલન માં ઉત્તર ગુજરાત આગામી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો-**VGRC**માં નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે પોતાનું નેતૃત્વ કરશે.

આ પરિષદમાં રાજ્યના હરિત ઊર્જા અભિયાનને કેન્દ્રસ્થાને રખાશે. **VGRC** રાજ્યના ઝડપથી વિકસી રહેલા નવીનીકરણીય ઊર્જા માળખામાં રોકાણની તકો, ટેક્નોલોજી ભાગીદારી અને નીતિગત નવીનતા શોધવા માટે હિસ્સેદારોને એક ગતિશીલ મંચ પૂરું પાડશે.

---

# CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ **29** ઓગસ્ટ શુક્રવારે યોજાશે. નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો શુક્રવાર, તારીખ **29** ઓગસ્ટના રોજ સવારે **8** થી **11** દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-**2**, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---

# CHOTADEPUR DEVLOPMENT

છોટાઉદેપુર શહેરની મધ્યમાં આવેલા કુસુમ સાગર તળાવનું સૌંદર્યીકરણ અને વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા અમૃત 2.0 અને અમૃત સરોવર યોજના અંતર્ગત કુસુમ સાગર તળાવને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વિકસાવાયું છે.

આ તળાવની મધ્યમાં ફ્લેગ માસ્ટ પોલનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું સાંસદ જસુભાઇ રાઠવાએ લોકાર્પણ કરતાં જણાવ્યું હતું.

**બાઈટ : જસુભાઈ રાઠવા, સાંસદ, છોટાઉદેપુર**

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી 2 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

આજે મધ્યગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ જાહેર કરાયું હોવાનું હવામાન વિભાગના વડા ડૉ.એ.કે. દાસે જણાવ્યું હતું.

**બાઇટ- ડૉ.એ.કે.દાસ , વડા,હવામાન વિભાગ**

દરમ્યાન સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર છેલ્લા ચોવીસ કલાક રાજ્યના 102 તાલુકામાં વરસાદ થયો છે , જેમાં સૌથી વધુ મહીસાગરના લુણાવાડામાં અઢી ઇંચ જેટલો વરસાદ થયો હતો , આ ઉપરાંત ડેડીયાપાડામાં બે ઇંચ, ઝગડિયા ધંધુકા,, અમીરગઢ, ઉમરપાડા, તિલકવાડા અને

વ્યારામાં દોઢ ઇંચ, સિનોર, ખાનપુર, શહેરા, કપરાડા, સંતરામપુરમાં એક થી સવા ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

---

## AHMEDABAD – NARCOTICS

અમદાવાદમાં ચાર કરોડના નશીલા પદાર્થ સાથે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે એક યુવતીની ધરપકડ કરી છે.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે બેગકોકથી આવેલી એક યુવતીએ અમદાવાદ હવાઈ મથકે પોતાની બેગ ખોવાઈ ગઈ હોવાની ફરિયાદ કરી હતી બેગ મળી આવતા કસ્ટમ વિભાગે યુવતીને જાણ કરી હતી પરંતુ યુવતી હાજર ન થતાં કસ્ટમ વિભાગે સીઆઇડી ક્રાઇમ બ્રાન્ચની મદદથી યુવતીને પકડવામાં આવી હતી.

તપાસ કરતાં યુવતીની બેગમાંથી 4 કિલોગ્રામ હાઇબ્રીડ ગાંજો મળી આવ્યો હતો, આ ગાંજાની બજાર કિમત આશરે ચાર કરોડ થાય છે. ક્રાઇમ બ્રાન્ચે વધુ તપાસ હાથ ધરી છે.

---

## KUNVARJI BAVALIYA JAFARABAD MACHIMAR PARIVAR

જાફરાબાદ દરિયામાં થયેલી બોટ દુર્ઘટનામાં ગુમ થયેલા માછીમારોના પરિવારજનોને રાજ્ય સરકાર તરફથી સહાય મળશે. જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ પીડિત પરિવારોની મુલાકાત લીધી હતી.

મુલાકાત બાદ  મંત્રી બાવળીયાએ જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે વિવિધ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે મૃતક ખલાસીના પરિવારને રાજ્ય સરકારની સહાય તાત્કાલિક મળે તે માટે સૂચના આપી હતી.

ભારે વરસાદ અને તોફાની પરિસ્થિતિમાં જાફરાબાદ દરિયામાં ત્રણ માછીમારી બોટોના 11 માછીમારો ગુમ થયા હતા. પીપાવાવ કોસ્ટગાર્ડના બે શિપ અને ચાર હેલિકોપ્ટર દ્વારા 20 ઓગસ્ટથી શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

ગુમ થયેલા 11 માછીમારોમાંથી અત્યાર સુધઈમાં  બે માછીમારોના મૃતદેહ મળી આવ્યા છે.

---

# PORBANDAR BOAT TREGEDY

પોરબંદરના નવી બંદર પોલીસ સ્ટેશનમાં ચાર જેટલા ખલાસીઓ દરિયામાં ગુમ થયા હોવાની જણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. રમેશભાઈ બાંભણીયાએ નવીબંદર પોલીસ મથકમાં જણાવ્યા મુજબ તેમના સહીત કુલ 9 જેટલા ખલાસીઓ મુરલીધર નામની બોટ લઈ દરિયામાં માછીમારી કરવા ગયેલા હતા.

તેઓ રાજપરા બંદરથી આશરે 15 થી 20 નોટિકલ માઈલ દૂર માછીમારી કરતા હતા ત્યારે ખરાબ હવામાનને કારણે દરિયામાં મોજું આવી જતા બોટ પલ્ટી મારી ગઈ હતી જેમાં તમામ ખલાસીઓ ડૂબી ગયા હતા.

વિજયભાઈ છગનભાઈ ચુડાસમા, ચીથરભાઈ બારૈયા, વિનોદભાઈ કાળુભાઈ બાભંણીયા અને પ્રદીપભાઈ રમશેભાઈ ચુડાસમા નામના ચાર ખલાસીઓ પાણીમાં ગુમ થઈ ગયા હતા. આ તમામ ખલાસીઓની શોધખોળ કરાઇ રહી છે.

---

# PM - MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 125 મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકે છે. આગામી કડી માટે સૂચનો 29 ઑગસ્ટ સુધી સ્વીકારવામાં આવશે.**

---

# TARANETAR MELO ENDS TODAY

વિશ્વ પ્રસિધ્ધ સુરેન્દ્રનગર જિલ્લાનો તરણેતરના મેળામાં આજે ઋષિ પંચમી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો અને મેળાના ત્રીજા દિવસે પણ વિવિધ સ્પર્ધા યોજાશે.

સાંભળીએ એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ દિનેશ પરમાર)

જોકે ગઇકાલે વૈવિધ્ય સભર સ્પર્ધાઓ યોજાઇ હતી . જેમાં ગ્રામીણ ઓલિમ્પિક્સમાં લાડુ સ્પર્ધામાં રસાકસી સર્જાઈ હતી. હકડેઠઠ ભીડ વચ્ચે વિંછીયા તાલુકાના ઓરી ગામના બળવંતભાઈ રાઘવાણી 30 મિનિટમાં 30 લાડુ ઝાપટીને પ્રથમ ક્રમે વિજેતા રહ્યા હતા.

---

# WEIGHTLIFTING AMDAVAD

અમદાવાદમાં રમાઈ રહેલી રાષ્ટ્રમંડળ વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં ગઈકાલે પુરુષોના 71 કિલો વર્ગમાં અજિત નારાયણે સુવર્ણ ચંદ્રક અને નિરુપમા દેવી

સોરામે મહિલાઓનાં 63 કિલો વર્ગમાં રજત ચંદ્રક જીત્યો. 26 વર્ષના અજિતે કુલ 317 કિલો વજન ઉંચકીને ટોચનું સ્થાન મેળવ્યું. સાથે જ તેમણે નવો રાષ્ટ્રમંડળ વિક્રમ પણ બનાવ્યો.

જ્યારે નિરુપમા દેવી કુલ 217 કિલો વજન ઉંચકી બીજા સ્થાને રહ્યાં હતાં. 24 વર્ષના નિરુપમાએ ક્લિન એન્ડ જર્ક પ્રદર્શને અગાઉના રાષ્ટ્રમંડળ વિક્રમને પણ પાછળ છોડી દીધો.

---

## NAVSARI ATMANIRBHAR JITUBHAI

નવસારી જિલ્લાના કુંભારફળિયાના જીતુ પટેલ આજે આત્મનિર્ભર ભારતના પ્રધાનમંત્રીના સપનાને સાકાર કરી રહ્યાં છે. શિક્ષકની નોકરી છોડી આજે તેઓ શેરડીના રોપા તૈયાર કરીને તેને વેચીને મબલખ કમાણી કરે છે. તેઓ અન્યને રોજગારી પૂરી પાડીને કૃષિક્ષેત્રમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડી રહ્યાં છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## વોઇસ કાસ્ટ – અશોક પટેલ

---

## GANESH CHATURTHI CELEBRATION

રાજ્યભરમાં ગણેશ ઉત્સવની શ્રધ્ધા આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં પણ ગણેશ ચતુર્થીની વિવિધ મંડળો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

દિયોદર નગરે ગજાનંદ યુવક મંડળ ગણેશ ચતુર્થી મહોત્સવ નો આયોજન કરવામાં આવ્યું હતું, ગણપતિ મંદિરે યજ્ઞ કરવામાં આવ્યો હતો, ગણપતિ મંદિરથી આઝાદ ચોક થઈ નગરના વિવિધ માર્ગો પર શોભાયાત્રા નીકળી હતી, આ યાત્રામાં

વિવિધ થીમો રજૂ કરવામાં આવી હતી, યાત્રા દરમિયાન મટકીફોડ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો, સમગ્ર નગરમાં ગણપતિ બાપા મોરિયા ના નાદ સાથે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

જ્યારે પ્રાચીન નગરી પાટણમાં 148મો ગણેશોત્સવ ભારે ઉમંગ સાથે ઉજવવામાં આવી રહ્યો છે..વિવિધ સ્થળોએ ગણેશ સ્થાપન કરાયું છે.. ગણેશ પાંડોલોમાં વિવિધ થીમના આધારે શણગાર કરાયો છે . ગણેશ ભક્તો બાપ્પાનું પૂજન અર્ચન કરી રહ્યાં છે.

---